પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૧ | ૧ એપ્રિલ, ૨૦૧૮, રવિવાર ; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**૬ વર્ષ બાદ મલાલા ઘરે પહોંચી**

મલાલા યુસુફ જઈ લગભગ ૬ વર્ષ બાદ પાકિસ્તાનમાં ખબર-પખ્તૂનખ્વા પ્રાંત સ્થિત પોતાના ઘરે પહોંચી હતી. તાલીબાનની ગોળીઓનો શિકાર થનાર અને સૌથી ઓછી ઉંમરે નોબલ પારિતોષિક મેળવનાર મલાલાને કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પોતાના ઘરે લઈ જઈ શકાઈ હતી.

**ચંદા કોચરના પતિ સામે કેસ**

આઈસીઆઈસીઆઈ બેંકના સીઈઓ ચંદા કોચરના પતિ દીપક સામે સીબીઆઈએ પ્રારંભિક તપાસનો કેસ દાખલ કર્યો છે તેમની સામે છેતરપીંડીનો કેસ દાખલ થયો છે.

**મહિલા ટી-૨૦માં ઓસ્ટ્રેલિયાનો વિજય**

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી મહિલા ટી-૨૦ વિશ્વકપની મેચમાં ઓસ્ટ્રેલિયાનો ૫૭ રને ભવ્ય વિજય થયો છે.

**ભ્રષ્ટ અધિકારીઓને પાસપોર્ટ માટે મંજૂરી નહી**

કર્મચારી મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલા નવા માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે, અપરાધિક અથવા ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા સરકારી અધિકારીઓને પાસપોર્ટ આપવામાં નહીં આવે. સંબંધિત અધિકારીઓ એવા કિસ્સામાં નિર્ણય લઈ શકે છે કે જેમાં આવા અધિકારીઓને મેડિકલ ઈમરજન્સીના કારણે વિદેશ જવાની જરૂર પડે.

**૨૦૧૮-૧૯ના બજેટની જોગવાઇનો ૧ એપ્રિલથી અમલ થતાં કરપાત્ર આવકો ઉપરની સેસ ૩ને બદલે ૪ થઇ જશે**

# આજથી મધ્યમવર્ગ પર આર્થિક ભારણ વધશે

**સિનિયર સિટિઝન માટે વ્યાજની આવક વાર્ષિક ૫૦,૦૦૦ રૂપિયા સુધી આવકવેરા મુકિતનો લાભ : હેલ્થ ઈન્સ્યોરન્સ અને મેડિકલ ખર્ચમાં ડિડકશન ૮૦-ડી હેઠળ ૩૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું**



ન્યુ દિલ્હી,તા.૩૧

આજે તા. ૧ એપ્રિલથી દેશભરમાં મધ્યમ વર્ગ પર વિશેષ ભારણ વધશે. ૨૦૧૮-૧૯ના સામાન્ય બજેટની જોગવાઈઓ આજે રવિવારથી લાગુ થઈ જશે તે સાથે જ તમામ ટેકસેબલ - કરપાત્ર આવકો ઉપર હાલમાં લેવાઈ રહેલ ૩ ટકા સેસ ૪ ટકા થઈ જશે તે સાથે જ હાલમાં પીસાઈ રહેલા મધ્યમ વર્ગ ઉપર વધુ આર્થિક બોજો વધશે.

સામાન્ય બજેટના બે મહિના પછી પહેલી એપ્રિલ-રવિવારથી ટેકસના નવા નિયમો લાગુ થઈ રહ્યા છે. વિશેષ કરીને, શેરબજારમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેકસ ફરી લાગુ કરવા સહિતની બજેટની દરખાસ્તો રવિવારથી અમલી બની જશે. તમામ ટેકસેબલ ઈક્મ(કરપાત્ર આવક) પર સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરી દેવાયો છે, જેને કારણે મધ્યમ વર્ગ પર આર્થિક ભારણ વધી જશે. સરકારે બજેટમાં કોર્પોરેટ જગતને રાહત આપવા માટે ૨૫૦ કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે કોર્પોરેટ ટેકસ ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરી દીધો છે, જેનો પણ પહેલી એપ્રિલથી અમલ થશે. આથી આવી કંપનીઓને રાહત થશે. મધ્યમ વર્ગને સ્ટાન્ડર્ડ ડિડકશનનો લાભ વધારીને ૪૦,૦૦૦ રૂપિયા કરાયો છે તો

● અનુસંધાન પાન-૭ પર

# પુનઃ પરીક્ષાના મુદ્દે સુપ્રીમમાં અરજી

**પેપર લીક મામલે સીબીઆઈ તપાસની માંગ : તપાસ પૂર્ણ થયા વગર સીબીએસઈ દ્વારા ફરીથી પરીક્ષા લેવાનો નિર્ણય વિદ્યાર્થીઓના અધિકારના ભંગ સમાન છે**

નવી દિલ્હી, તા.૩૧

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) દ્વારા બે પેપરની ફરી પરીક્ષા લેવાના નિર્ણય સામે પડકાર ફેકંવામાં આવ્યો હતો. અરજીદારે અરજીમાં કહ્યું છે કે, પરીક્ષા યોજાઈ છે જેના આદારે જ પરિણામ જાહેર કરવામાં આવે અને ગુનેગારોને શોધી કાઢવા માટે સીબીઆઈ તપાસ કરાવવામાં આવે.આ અરજી રીપક કંસલ તરફથી વકીલ આશુતોષ ગર્ગે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે જેમાં ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય અને સીબીએસઈ પ્રતિવાદી તરીકે છે. અરજીમાં કહ્યું છે કે, સીબીઆઈ મામલામાં તપાસ કરી રહી અને તપાસ પૂર્ણ થયા વગર જ ધોરણ ૧૦માં ગણિત અને ધોરણ ૧૨માં અર્થશાસ્ત્રની પરીક્ષા ફરી લેવાનો નિર્ણય કરી દેવાયો છે. આ નિર્ણયને અરજીમાં વિદ્યાર્થીઓના મૌલિક અધિકારના ભંગ સમાન ગણાવ્યો છે. અરજીમાં કહ્યું છે કે, તપાસ કર્યા વગર આમા કોણ જવબાદાર છે તે કેવી રીતે જાણી શકાય. તપાસ પૂર્ણ થયા બાદ જ જાણી શકાશે કે બાકીના પેપરોનું શું થયું છે. તપાસથી જ જાણી શકાશે કે બાકી કયા પેપરો લીક થયા છે. તપાસ વગર ફરી પરીક્ષા લેવી તે યોગ્ય નથી. જે પરીક્ષા ફરી લેવાઈ રહી છે તે વિદ્યાર્થીઓના અધિકારના ભંગ સમાન છે કેમ કે પરીક્ષાર્થીઓને પેપરની તૈયારી કરવામાં પુરતો સમય મળી શકશે નહીં. અરજી કહેવાયું છે કે, સીબીએસઈને જાણકારી હતી કે, પેપર લીક થયુ છે તો પણ ધોરણ ૧૨ની અર્થશાસ્ત્રીની ૨૬મી માર્ચે પરીક્ષા લેવામાં આવી હતી. આવી જ રીતે ધોરણ ૧૦ની ગણિતનું પેપર લીક થયું તો પણ તેને પણ રોકવામાં આવ્યું નથી.

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસની ફરી મહાગઠબંધન રચવા નીતિશકુમારને ઓફર

**નીતિશકુમારને કોંગ્રેસ પોતાના પક્ષમાં લેવા ઈચ્છુક : ભાગલપુર-નવાદા જિલ્લામાં થયેલી સાંપ્રદાયિક હિંસાની અસર રાજ્યના રાજકારણ ઉપર પણ જોવા મળી રહી છે**



પટણા, તા.૩૧

બિહારના ભાગલપુર અને નવાદા જિલ્લામાં થયેલી સાંપ્રદાયિક હિંસાની અસર રાજ્યના રાજકારણ ઉપર પણ પડતી જોવા મળી રહી છે. એક બાજુ જ્યાં મુખ્ય વિપક્ષી દળ રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) મુખ્યમંત્રી નીતિશકુમાર પર પ્રહારો કરી રહી છે ત્યાં તોફાનોને બહાનુ બનાવીને કોંગ્રેસ નવું રાજકીય સમીકરણ રચવાની કોશિશ કરી રહી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ ઈચ્છે છે કે તે ફરી એકવાર નીતિશકુમારને પોતાના પક્ષમાં લઈ લે. આ માટે કોંગ્રેસના ટોચના નેતાઓએ શુક્રવારે નીતિશકુમાર સામે દબાયેલા સ્વરમાં ઓફર પણ કરી નાખી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૧૨નું હિન્દીનું પેપર લીક થયું જ નથી : સીબીએસઈ

નવી દિલ્હી, તા.૩૧

સીબીએસઈ માધ્યમિક શિક્ષા બોર્ડ (સીબીએસઈ)નું ધોરણ ૧૦માં ગણીત અને ધોરણ ૧૨માં અર્થશાસ્ત્રનું પેપર લીક થાય બાદ અફવાઓનું બજાર તીવ્ર બન્યું છે. આ વિવાદ વચ્ચે સોશિયલ મિડિયા ઉપર એક હિન્દીનું પેપર પ્રકાશમાં આવ્યું છે જેને ધોરણ ૧૨નું પેપર લીક થયું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.આ અંગે હવે સીબીએસઈએ ખુલાસો કરવા પડ્યો છે. સીબીએસઈ બોર્ડની ધોરણા ૧૨ હિન્દીની પરીક્ષા બીજી એપ્રિલના દિવસે લેવાનાર છે. એવામાં સોશિયલ મીડિયા ઉપર દાવો કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીદેવીને રાજકીય સન્માન મુખ્યમંત્રી કાર્યાલયની સુચનાથી અપાયુ

**આરટીઆઈમાં ખુલાસો કરવામાં આવ્યો**

મુંબઈ, તા.૩૧

બોલિવુડ અભિનેત્રી શ્રીદેવીના અવસાનના મહિના પછી પણ તેના અંતિમ સંસ્કારને લઈને ચાલી રહેલો વિવાદ ખતમ થવાનું નામ નથી લઈ રહ્યો. કેટલાક લોકોને એ વાતનો વાંધો હતો કે શા માટે શ્રીદેવીનો અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યો. આ મામલે એક આરટીઆઈ પણ ફાઈલ કરવામાં આવી હતી. તેનાથી આ વાતનો ખુલાસો થઈ ગયો છે. સીએમ ઓફિસે આપેલા આદેશથી શ્રીદેવીનો અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસની ઓફિસના નિર્દેશ પર બોલિવુડની પ્રખ્યાત અભિનેત્રી શ્રીદેવીનો અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યો હતો. આરટીઆઈની એક અરજીના જવાબમાં આ જાણકારી સામે આવી છે. મુંબઈના આરટીઆઈ કાર્યકર્તા અનિલ ગલગલીએ આરટીઆઈ અરજી ફાઈલ કરી હતી. અરજીના જવાબમાં રાજ્યના સામાન્ય પ્રશાસન

● અનુસંધાન પાન-૭ પર







## તિબેટ સરહદે ભારતે સુરક્ષા વધારી

કિબિધૂ, તા.૩૧

ભારતે ડોકાલમાં થયેલા ઘર્ષણ બાદ ચીનના તિબેટ વિસ્તારની સામાઓ પર અરુણાચલ સેકટરના દિબાંગ, દાઉ દેલાઈ અને લોહિત ઘાટીમાં જવાનો તૈનાત કરી દેવાયા છે અને પહાડી વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. સૌનાના અધિકારીઓના જણાવ્યા મુજબ ભારત સામાન્યરીતે સંવેદનશીલ તિબેટીય વિસ્તારોમાં સરહદ પર ચીની ગતિવિધિઓ પર નજર રાખવા માટે પોતાના તંત્રને પણ મજબૂત કરી રહ્યું છે અને નજર રાખવા માટે સતત હેલિકોપ્ટરોની તૈનાતી કરી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, ભારત ત્રણેય ઘાટીઓમાં

● અનુસંધાન પાન-૭ પર







